**આકાશવાણી, ભુજ**

**સમાચાર વાચક : અશરફ નથવાણી**

**કોમ્પ્યુટર રાઈઝ : આશિષ શાહ**

**તારીખ : ૧૯.૧૧.૨૦૨૪** **સમય : સવારે ૬.૪૫ કલાકે**

---

## પ્રધાનમંત્રી જી–૨૦ શિખર સંમેલન :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 19મા જી-20 શિખર સંમેલનમાં ભાગ લેવા બ્રાઝિલના રિયા ડી જાનેરો પહોંચ્યા છે, જ્યાં બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ લૂલા ડા સિલ્વાએ શ્રી મોદીનું સ્વાગત કર્યું હતું. બ્રાઝિલ પહેલાં પ્રધાનમંત્રીએ નાઈઝિરિયાની મુલાકાત લીધી હતી.

પ્રધાનમંત્રી જી-20 શિખર સંમેલનમાં વિશ્વના ટોચના નેતાઓ સાથે મુલાકાત કરી રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જૉ બાઈડેન અને ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ આ બે દિવસના સંમેલનમાં ઉપસ્થિત રહ્યા છે.

RNU અમદાવાદ

---

## ભારત સૌથી ઝડપથી વિકસતી અથવ્યવસ્થા :

જી-20 દેશોમાં ભારત સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છે. સાત ટકાના વૃદ્ધિ દરની સાથે ભારતની અર્થવ્યવસ્થા 2024માં સૌથી ઝડપથી ગતિથી વધવાની શક્યતા છે. ભારત બાદ 5 ટકાના વૃદ્ધિ દર સાથે ઇન્ડોનેશિયા બીજા અને 4.8 ટકા સાથે ચીન ત્રીજા સ્થાન પર છે.

બ્રાઝિલમાં જી- 20 શિખર સંમેલનમાં ક્રમાંક જાહેર થયા બાદ સોશિયલ મીડિયાની એક પૉસ્ટમાં ભારત સરકારના નિવેદન અનુસાર , આ સિદ્ધિ ભારતની મજબૂત અર્થવ્યવસ્થાને ઉજાગર કરે છે , જે વૈશ્વિક પડકારો વચ્ચે પણ પોતાની મજબૂતી અને ઝડપી ગતિના વિકાસને દર્શાવે છે.

ઉપરાંત 3.6 ટકા જીડીપી એટલે કે , કુલ સ્થાનિક ઉત્પાદન વૃદ્ધિ દરની સાથે રશિયા ચોથા, 3 ટકા સાથે બ્રાઝિલ પાંચમા સ્થાન પર છે.

RNU અમદાવાદ

---

## રક્ષા યુનિવર્સિટી :

ગાંધીનગરમાં આવેલી રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે આજથી 2 દિવસનું 50મું અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન અધિવેશન યોજાઈ રહ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આ અધિવેશનનું ઉદ્ઘાટન કરશે. સુરક્ષા અને કાયદાના અમલીકરણ માટે સમર્પિત દેશની મહત્વની સંસ્થા એવી રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી પેહલી વાર આ સંમેલન યોજી રહી છે.

RNU અમદાવાદ

---

## રાષ્ટ્રીય યુવા મહોત્સવ :

રાષ્ટ્રીય યુવા મહોત્સવ 2025 આ ગામી વર્ષે 11 અને 12 જાન્યુઆરીએ યોજાશે. આ મહોત્સવને “વિકસિત ભારત યુવા નેતા સંવાદ” નામ અપાયું છે. કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ નવી દિલ્હીમાં સંવાદદાતા સંમેલનમાં આ અંગે જાહેરાત કરી હતી. શ્રી માંડવિયાએ કહ્યું કે , ‘આ મંચ દેશની યુવાશક્તિને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે વાતચીત અને તેમની સમક્ષ પોતાનો દ્રષ્ટિકોણ રજૂ કરવાની તક આપશે.’

શ્રી માંડવિયાએ ઉમેર્યું કે , આ સંવાદનો ઉદ્દેશ દેશભરના યુવાનોની પ્રતિભાને ઓળખી તેનો વિકાસ કરવાનો છે. સાથે જ વિકસિત ભારત માટે તેમને એક એવું યોગ્ય મંચ પૂરું પાડવાનો છે, જે તેમે વૈશ્વિક અને રાષ્ટ્રીય હસ્તિઓ સાથે જોડે. આ સંવેદ દેશના યુવાનોને વિકસિત ભારતના વાહક બનાવવા માટે મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

RNU અમદાવાદ

---

## ભારતીય કોસ્ટગાડ :

ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા પોરબંદરના દરિયામાં પાકિસ્તાન મરીન સિક્યોરિટીએ કરેલ ફાયરિંગમાં ભારતીય માછીમારોને બચાવી લેવામાં આવ્યા છે.

પાકિસ્તાન મરીન સિક્યોરિટી ગાર્ડ દ્વારા અવારનવાર ભારતીય બોટ અને માછીમારોને અપહરણ કરી જવામાં આવતા હોય છે. ભારતીય જળ સીમા નજીક માછીમારી કરી રહેલી ઓખાની બોટ પર પાકમરીને ફાયરિંગ કર્યું હતું. આ બનાવની જાણ થતાં કોસ્ટગાર્ડ તુરંત મદદે પહોંચી ગયું હતું અને બોટના માછીમારોને બચાવી ઓખા બંદરે લાવવામાં આવી રહ્યા છે . જયારે બોટ ડૂબી ગઈ હોવાની માહિતી મળી છે, ભારતીય જળ સીમા નજીક પાક મરીન દ્વારા ફાયરિંગ કરવામાં આવતા ગુજરાતના માછીમારોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

RNU અમદાવાદ

---

## ભુકંપ આંચકો :

પૂર્વ કચ્છના વાગડ વિસ્તારમાં 4 ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો. હતો. ગાંધીનગર સ્થિત સિસમોલોજી વિભાગની કચેરીના જણાવ્યા પ્રમાણે આ આંચકાનો કેન્દ્ર બિંદુ રાપર થી પશ્ચિમ દક્ષિણ દિશામાં 26km ના અંતરે કણખોઈ નજીક નોંધાયો હતો. રાત્રે 8 વાગી ને 18 મિનિટે નોંધાયેલા આ ભૂકંપ ના આંચકા ની તીવ્રતા વધુ હોવાના કારણે વાગડ પંથકના ગામો માં લોકો ભયભીત થઈને ઘર બહાર દોડી આવ્યા હતા અને ઠેર-ઠેર આંચકાની ચર્ચાએ વેગ પકડ્યું હતું.

અશરફ નથવાણી

---

## રાપર ઈ–કેવાયસી કેમ્પ :

રાપર તાલુકામાં EKYC કેમ્પ યોજાશે. નાયબ નિયામકશ્રી અનુ.જાતિ કલ્યાણ તેમજ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી વિકસતી જાતિ ભુજ દ્વારા ગુજરાત સરકાર તેમજ ભારત સરકારશ્રીની વિવિધ પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ માટે ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું E-KYC કરવા તાલુકા વિકાસ અધિકારી,તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીના સંયુક્ત સહયોગથી આગામી તા.૧૯ અને ૨૦ નવેમ્બર ૨૦૨૪ના રોજ રાપર તાલુકામાં E-KYC કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ રાપર તાલુકાની તમામ શાળાઓ અને તમામ ગ્રામ પંચાયત ખાતે યોજાશે. કેમ્પમાં ગ્રામ પંચાયત વીસીઈ અને શાળાના આચાર્યશ્રી હાજર રહેશે. આ કેમ્પનો મહતમ લાભ લેવા તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને નાયબ નિયામકશ્રી અનુ.જાતિ કલ્યાણ દ્વારા અનુરોધ કરાયો છે.

અશરફ નથવાણી